જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વડોદરા
અનાવીલ ભવન સામે, કારેલીબાગ, વડોદરા.
ફોન નં./ફેક્સ નં. ૦૨૬૫-૨૪૬૧૭૦૩ ઈ – મેઈલ : vadodeo@gmail.com

ક્રમાંક. ક-૩/પરચ/૨૦૨૬-૨૭/ ૨૨૦૫૦ તા. ૧૪/૧૦/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

વિષય:- Constitution (129th) Amendment Bill,2024 અન્વયે માહિતી પૂરી પાડવા બાબત...

સંદર્ભ:- નાયબ શિક્ષણ નિયામકશ્રી(માધ્યમિક), કમિશનર શાળાઓની કચેરીના તા.12/10/2026 ના પત્ર અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, 'વન નેશન, વન ઈલેક્શન' સંદર્ભે સંયુક્ત સમિતિ દ્વારા વારંવાર યોજાતી ચૂંટણીઓની શિક્ષણ ક્ષેત્ર પર પડતી અસરો અંગે માહિતી મંગાવવામાં આવેલ છે. જેથી તમામ શાળાઓએ સામેલ નિયત પત્રક મુજબની માહિતી અંગ્રેજી તથા હિન્દી ભાષામાં (Word & Pdf સોફ્ટ કોપી અને હાર્ડ કોપી) દિન-01 માં અત્રેની કચેરીમાં મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

(એમ.આર પાંડે)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
વડોદરા

Letter No: COS/0055/10/2026 Approved Date: 12-10-2026 17:15

(5)

કમિશનર શાળાઓની કચેરી

બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, પુનીત વનની સામે, સેકટર-૧૯, ગાંધીનગર, ગુજરાત રાજ્ય

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ

વિષય: Constitution (129th Amendment) Bill, 2024 અન્વયે માહિતી પૂરી પાડવા બાબત

સંદર્ભ: શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: ED/mis/e-file/3/2026/5667/V-2 Co-ordination, Letter No: ED/0226/09/2026 Approved Date: 08-09-2026

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, Constitution (129th Amendment) Bill, 2024 બાબતે 'વન નેશન, વન ઈલેક્શન' સંદર્ભે લોકસભા સચિવાલયની સંયુક્ત સમિતિ દ્વારા વારંવાર યોજાતી ચૂંટણીઓની શિક્ષણ ક્ષેત્ર પર પડતી અસરો અંગે માહિતી મંગાવવામાં આવેલ છે. તે મુજબ અત્રેની કચેરી તથા તાબાની સંસ્થાઓ સંબંધિત નીચે મુજબની વિગતો આ સાથે સામેલ નિયત પત્રક મુજબ અંગ્રેજી અને હિન્દી ભાષામાં તૈયાર કરી મોકલી આપવા શિક્ષણ વિભાગ દ્વારા જણાવેલ છે.

૧. શિક્ષકોના રોકાણ: ચૂંટણીઓ તથા મતદાર યાદી સુધારણામાં રોકાતા શિક્ષકો/અધ્યાપકોની સંખ્યા અને તે માટે વપરાતા દિવસો

૨. શૈક્ષણિક કાર્ય પર અસર: ચૂંટણી ડ્યુટીના લીધે દૈનિક શૈક્ષણિક કાર્ય, પરીક્ષાઓ અને વિદ્યાર્થીઓના પરિણામ પર પડતી વિપરીત અસરો.

૩. સંભવિત બચત: તમામ ચૂંટણીઓ એકસાથે યોજાય તો શિક્ષણ ક્ષેત્રે સમય અને નાણાંકીય સ્તરે થનાર અંદાજીત ફાયદો/બચત.

આમ, શિક્ષણ વિભાગ દ્વારા ઉક્ત જણાવ્યા મુજબના મુદ્દાઓની માહિતી આ સાથે સામેલ નિયત પ્રોફોર્મા મુજબ અંગ્રેજી અને હિન્દી ભાષામાં (Word & PDF સોફ્ટ કોપી અને હાર્ડ કોપી) દિન-૨ માં મોકલી આપવા આપને જણાવવામાં આવે છે.

બિડાણ:- કાયદા વિભાગનો તા. ૧૮/૦૮/૨૦૨૬ નો પત્ર અને
શિક્ષણ વિભાગનો સંદર્ભદર્શિત પત્ર

E-Sign

નાયબ શિક્ષણ નિયામક(માધ્યમિક)

કમિશનર શાળાઓની કચેરી

ગાંધીનગર, ગુજરાત રાજ્ય

8-3

14/10/26

જિ. શિ. અ. કચેરી. વડોદરા
4749
14/10/2026
કચેરીની સહી ....

Signature Not Verified
Signed by : SanjayKumar Patel
Deputy Director
Commissionerate of Schools
Date : 2026.10.13 15:53:04 IST

File No: COS/Misc/e-file/276/2026/2967/SECONDARY
Approved By: Joint Director,SECONDARY,COS
Open the document in Adobe Acrobat DC to verify the E-sign